# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-04-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ-નગર પાલિકા સેવા સદન:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓ પોતીકા નવા નગર સેવાસદનનું નિર્માણ કરી શકે તે માટે તેમને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાયમાં માતબર વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યની ‘અ’ વર્ગ તથા ‘બ’ વર્ગની નગરપાલિકાઓને હાલ નવું નગર સેવા સદન બનાવવા માટે આપવામાં આવતી રૂપિયા 2 કરોડની સહાયમાં ત્રણ ગણા જેટલો વધારો કરવામાં આવ્યો છે. અ વર્ગ માટે 6 કરોડ તથા બ વર્ગની પાલીકા માટે 5 કરોડની સહાય રાજ્ય સરકાર આપશે. રાજ્યની ‘ક’ અને ‘ડ’ વર્ગની નગરપાલિકાઓને નવું નગર સેવાસદન બનાવવા માટે રૂપિયા 1 કરોડની સહાય આપવામાં આવે છે તેમાં વધારો કરીને હવે ‘ક’ વર્ગની નગરપાલિકાઓને રૂપિયા 4 કરોડ અને ‘ડ’ વર્ગની નગરપાલિકાઓને રૂપિયા 3 કરોડ મળવાપાત્ર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં હાલ ના ધોરણો મુજબ અ વર્ગની 34 નગરપાલિકાઓ, બ વર્ગ ની 37, ક વર્ગ ની 61 અને ડ વર્ગની 17 નગરપાલિકા છે.

---

## કચ્છમાં પક્ષી ગણતરી:

એશિયન વેટલેન્ડ બ્યૂરોના માર્ગદર્શનમાં કરાયેલી પક્ષી ગણતરીમાં કચ્છમાં 40 પ્રજાતિના 14 હજાર 351 જેટલાં જળચર પક્ષી નોંધાયા છે. માંડવીના દરિયા કિનારે શિયાળો ગાળવા આવતા સિગલ પક્ષી-ધોમડાની 3 જાતના 10 હજારથી વધુ પક્ષીઓ નોંધાયા હતા. જોકે આ વર્ષે `ગજપાંઉ', `ભગતડાં' અને `ટીટોડી'ની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ કચ્છની સીમાએ શકુર લેક વિસ્તારમાં હંજ, સુરખાબ, પેણ જેવા પક્ષીઓનું પ્રજનન સ્થળ મળી આવ્યૂ છે. મોટા રણ તરીકે પ્રખ્યાત આ સરહદે ભૂસ્તરશાત્રીઓ તેમજ ઇસરોના નિષ્ણાતોએ કરેલા અભ્યાસમાં પક્ષીઓની મોટી વસાહત તથા પ્રજનન સ્થળ હોવાનું બહાર આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## રાજ્યમાં આંબેડકર સન્માન અભિયાન:

પ્રદેશ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય કમલમ્ ખાતે ગઈકાલે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં બાબાસાહેબ આંબેડકર સન્માન અભિયાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત ભાજપ દ્વારા સમગ્ર ગુજરાતમાં 14 એપ્રિલથી 24 એપ્રિલ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમો દ્વારા ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના વિચારોને રાજ્યના નાગરિકો સુધી પહોંચાડવામાં આવશે. ગુજરાતમાં આ સમગ્ર અભિયાનની જવાબદારી કચ્છના સાંસદ વિનોદ ચાવડાને સોંપવામાં આવી છે. વિનોદ ચાવડાની સાથે આ કમિટીમાં ગૌતમ ગેડિયા, કમલેશ મીરાણી, અનિતા પરમાર અને વિક્રમ તરસાડિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------

## જિલ્લામાં બાબા સાહેબની જન્મ જયંતીની ઉજવણી :

આવતીકાલે ડો. બાબા સાહેબ આંબેડકરની 134મી જન્મજ્યંતિની સમગ્ર જિલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ભુજ, ગાંધીધામ, અંજાર, આદિપુર, મુન્દ્રા, માંડવી, નખત્રાણા અને વિવિધ ગામોમાં જન્મજ્યંતિને અનુલક્ષીને જુદા-જુદા કાર્યક્રમોનું

આયોજન કરાયું છે. જિલ્લામથક ભુજ ખાતે ભીમરાવ ગ્રુપ દ્વારા ભીમરાવનગર મધ્યેથી બપોરના ત્રણ વાગ્યે શોભાયાત્રા કાઢવામાં આવશે. જે શહેરના રાજમાર્ગો પર ફરી ટાઉનહોલ પાસે બાબા સાહેબની પ્રતિમાને હારારોપણ કરી સમાપન કરવામાં આવશે. આ શોભાયાત્રાને સાંસદ વિનોદ ચાવડા, મામલતદાર ડી.કે. રાજપાલ, નગરસેવક કમલભાઇ ગઢવી સહિત મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવાશે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ગાંધીધામ મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર જળસંચય અને બ્યૂટીફિકેશનનાં કામો પાછળ લગભગ નવ કરોડની રકમ ખર્ચ કરવાનું છે. ગળપાદરનાં તળાવની સુંદરતા વધારવા અને જળસંચયનાં કામ માટે 5 કરોડ ખર્ચાશ. તો ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે આઠ બગીચામાં વિકાસનાં કામો હાથ ધરવામાં આવશે. શહેરનાં હયાત ડિવાઇડર તથા સ્ટ્રીટ લાઈટના પોલમાં કલરકામ માટે એક કરોડ રૂપિયાના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. હાલના સમયમાં ગાંધીધામ મહાનગરપાલિકા શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં જળસંચય અને તળાવની સુંદરતા વધારવા માટે ભાર મૂકી રહી છે.

---------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં પવનના કારણે થોડો સમય માટે ગરમીમાં રાહત મળી હતી પરંતુ જિલ્લામાં ફરી ગરમીનો આરો રાઉન્ડો આવવાની હવામાન વીભાગે આગાહી કરી છે. 15થી 17 એપ્રિલ દરમિયાન મહત્તમ પારો 40થી 44 ડિગ્રી વચ્ચે રહેવાનાં અનુમાન સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. પવનની ઝડપ વધતાં ગઈકાલે મહત્તમ પારો લાંબા સમય બાદ 40 ડિગ્રીથી નીચે ઊતરતાં તાપમાં રાહત મળી હતી. જો કે, પવનની ગતિ મંદ પડતાં ગગડેલો પારો ફરી ઊંચકાયો છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી બે દિવસ પવન ફૂંકાતાં ધૂળિયો માહોલ છવાયો હતો.

વાતાવરણમાં સવારના સમયે ભેજનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. સોમવારથી બુધવાર સુધી ગરીમનો પારો ફરી ઉંચકાવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ નગર પાલિકા-ઢોર પકડવાની કામગીરી:

ભુજ નગરપાલિકા દ્વારા ભુજમાં જાહેર સ્થળો-માર્ગો પર રખડતા ઢોર પકડવાની કામગીરી શરૂ કરાઇ છે અને છેલ્લા આઠ-દશ દિવસમાં જ અલગ-અલગ વિસ્તારમાંથી અંદાજે 40થી 45 ઢોરોને પકડી પાંજરાપોળમાં મુકાયા છે. અને આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. આથી શહેરના તમામ ઢોર માલિકોને પોતાના ઢોર માલિકીની જગ્યા પર રાખવા તેમજ ખુલ્લામાં ન છોડવાની સુધરાઇ દ્વારા તાકીદ કરાઇ છે.

---------------------------------------------------------------------------------------------